**કામનું નામ :–  પ્રોવાઇડીંગ જર્મન ડોમલ મંડપલ ગ્રીન રૂમ ફર્નિચર એન્ડ અધર ડેકોરેટીવ સર્વિસ ફોર વી.વી.આઇ.પી. પ્રોગ્રામ એટ કચ્છ**

# :: ટેન્ડરની શરતો ::

(૧) આ કામ અંગે પૂર્વપાત્રતા (પ્રિ–ક્વોલીફીકેશન) માં સફળ થયેલ ઈજારદારશ્રીનાં જ ભાવ પત્રકો (પ્રાઈસ બીડ) ખોલવામાં આવશે.

(૨) કચ્છ જિલ્લાખાતે સુચવેલ જગ્યાએ તમામ કામગીરી તથા બેઠક વ્યવસ્થા વિગેરે કાર્યક્રમના ૨૪ કલાક પહેલાં અથવા સરકારશ્રીદ્વારા રીર્હસલ માટેનો જે દિવસ નકકી કરવામાં આવે તે દિવસે (બેમાંથી જે વહેલું હોય તે) સંપુર્ણકામ પૂર્ણ કરી તેનો કબ્જો લગત ખાતાને સોંપવાનો રહેશે. તેમજ તેનું અલગથી ચુકવણું કરવામાં આવશે નહી. તેમજ દરેક આઈટમની સાફ–સફાઈ, ફેરવણી અને જાળવણી, પ્રોગ્રામ પુરો થતાં સુધી ખાતાને સંતોષકારક લાગે તે રીતે કરવાની રહેશે તથા કામગીરી સંતોષકારક હોવાનું મંડપ ઈન્ચાર્જનું પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે.

(૩) દરેક આઈટમની કામગીરી ઈજારદારશ્રીને જાણ કરવામાં આવે કે તુરંતજ પૂર્ણપણે સંતોષકારક થાય તે રીતે કરવાની રહેશે. તમામ કામગીરી મંડપ ઈન્ચાર્જશ્રી, નીચે સહી કરનાર તથા મંડપના અધિકૃતઅધિકારી / કાર્યપાલક ઈજનેરશ્રી તથા સરકારશ્રીનાં અધિકારીશ્રીઓની સુચના મુજબ કરી આપવાનું રહેશે.

(૪) જરૂરિયાત મુજબનો મંડપ સ્વચ્છ, સુઘડ તથા વી.વી.આઈ.પી. પ્રોગ્રામને અનુલક્ષીને સારી જાતના કાપડ ઉપર તાડપત્રીવાળો તથા ફર્નીચર તેમજ અન્ય વસ્તુઓ નીચે સહી કરનાર અધિકારી તથા અધિકૃત અધિકારી કે મંડપ ઈન્ચાર્જ અધિકારીશ્રી દ્વારા માન્ય રાખેલ ગુણવતા મુજબની તથા તેઓ જે પ્રમાણે સુચના આપે તે સ્થળે, સમય મર્યાદામાં તાત્કાલીક બાંધી આપવાનો રહેશે. મંડપ તથા ફર્નીચર લાવવા લઈ જવાનો સઘળો ખર્ચ ભાવ ભરનારે ભોગવવાનો રહેશે. સમય મર્યાદામાં કામ પૂર્ણ ન થતાં અન્ય ઈજારદારશ્રી દ્વારા કોઈપણ જાતની લેખિત જાણ કર્યા સિવાય મુળ ઈજારદારના ખર્ચે અને જોખમે કામ કરાવી લેવામાં આવશે.મંડપ બાંધકામની કામગીરી દરમ્યાન માલસામાન / મજુર / કારીગરને કોઈપણ જાતનું નુકશાન થશે તેની સઘળી જવાબદારી ઈજારદારશ્રીની પોતાની રહેશે.

(૫) જો ઈજારદારશ્રીનું ટેન્ડર મંજુર થાય તો તેમણે અંદાજીત રકમનાં ૫% લેખે સીકયુરીટી ડીપોઝીટ પેટ **કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજય), ભુજ– કચ્છના** નામની શિડયુલ/રાષ્ટ્રીયકૃત બેંકની બેંક ગેરંટી જમા કરાવવાની રહેશે અને કામનો વર્ક ઓર્ડર મળેથી **તાત્કાલિક** કામ શરૂ કરવાનું રહેશેઅને તે રકમ ટેન્ડરની મુદત પુરી થયેથી કામગીરી સંતોષકારક કરી હશે તો જ પરત કરવામાં આવશે.

(૬) બાનાની રકમ તરીકે **રૂા.૧૧,૬૫,૦૦૦/–**(શીડયુલમાં દર્શાવેલ વિગત મુજબની રકમનો)**કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજય), ભુજ– કચ્છના** નામની**એફ.ડી.આર.**રાષ્ટ્રીયકૃત કે શીડયુલ બેંકની ભાવ પત્રક સાથે સામેલ કરવાની રહેશે. તે સિવાયનું ભાવપત્રક રદ બાતલ ગણાશે.એફ.ડી.આર.ની મુદત ૧૮૦ દિવસથી ઓછી ન હોવી જોઈએ.

(૭) કોઈપણ જાતના શરતી ટેન્ડર માન્ય રાખવામાં આવશેનહિ.

(૮) સરકારશ્રીના આ અંગેના વખતો વખતના નિયમો ઈજારદારશ્રીને બંધનકર્તા રહેશે.

(૯) કોઈપણ એક કે બધા ટેન્ડર કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય નામંજુર કરવાના હકક વિભાગ તેમજ મંડપ કમિટિને અબાધિત રહેશે.

(૧૦) વી.વી.આઈ.પી. કાર્યક્રમો અલગ–અલગ સ્થળે કરવાનાં હોઈ ઈજારદારશ્રીએ દરેક સ્થળે પોતાના ઓછોમાં ઓછા બે થી વધારે અધિકૃત પ્રતિનિધિ નિયુકત કરી તેની જાણ લેખિતમાં મોબાઈલ નંબર સાથે ખાતાના અધિકૃત કરેલ અધિકારીને તથા મંડપ ઈન્ચાર્જને જાણ કરવાની રહેશે.

(૧૧) મંડપ વિગેરેનું કાપડ, તાડપત્રી તથા ફર્નીચર વિગેરેની આઈટમ મંડપ ઈન્ચાર્જ અધિકારીશ્રી અને મંડપના અધિકૃત અધિકારીશ્રી / કાર્યપાલક ઈજનેરશ્રી જે પસંદ કરે તે જ જરૂરી પ્રમાણના જથ્થામાં પુરુ પાડવાનું રહેશે. તે સિવાયની જરૂરિયાત વગરની આઈટમો રદ કરવામાં આવશે. અને તેનું ચુકવણું કરવામાં આવશે નહી.

(૧૨) (અ)ટેન્ડરમાં દર્શાવેલ આઈટમનો જથ્થો આશરે છે જેમાં વધઘટ થઈ શકે તેમ છે અથવા ઘણી આઈટમની કામગીરી કરાવવાની પણ થશે નહી અથવા ઘણી આઈટમોમાં ધરખમ વધારો પણ થઈ શકે તેમ છે. વધારાના જથ્થાના કિસ્સામાં ૧૦% સુધી ટેન્ડર ભાવે અને અંદાજીત જથ્થાથી ૧૦% સુધીનો જથ્થા વધારો ભરેલા ભાવે ચુકવણું કરવામાં આવશે. જયારે ૧૦% થી વધુ જથ્થા વધારા માટે ભરેલ ભાવ અથવા અંદાજીત ભાવથી જે પણ ભાવ ઓછા હોય તે મુજબ ચુકવણું કરવામાં આવશે તે અંગે કોઈ વધારાનું ચુકવણું કરવામાં આવશે નહી. જેથી ટેન્ડરની આઈટમના જથ્થાનું કામ આપવા અંગેની બાંહેધરી આપવામાં આવતી નથી. કે કોઈ ચોકકસ રકમનું કામ કરાવવામાં આવશે, તેવી બાંહેધરી આપી શકાય નહીં. કોઈ એજન્સીદ્વારા આ રીતે કામ ન મળવા બાબતે કોઈ કહેવાતા નફા–નુકશાન વગેરે અંગે કોઈપણ પ્રકારનો હકક, દાવો કરી શકાશે નહીં. તાકીદના કિસ્સામાં જેના ભાવો મંજુર થાય તે સિવાયનીઅન્ય એજન્સી પાસે પણ મંજુર થયેલા ટેન્ડરના ભાવે આવું કામ કરાવવા માટે કમીટી સ્વતંત્ર રીતે નિર્ણય લઈ કામ કરાવી શકે છે. તથા આ બાબતે કોઈ દાદ, ફરીયાદ કે તકરાર ચલાવી લેવાશે નહીં. તેમજ નફા / નુકશાનનો કોઈપણ દાવો માન્ય રહેશે નહી.

(બ) કોઈ પણ ટેન્ડરની આઈટમની અંદાજિત રકમમાં ધરખમ ફેરફાર (Drastically Changes) થશે તો કમીટીને ભાવ વાટાઘાટો (Rates negotiate) કરવાની સત્તા રહેશે અને કમીટીનો નિર્ણય એજન્સીને બંધનકર્તા રહેશે. ટેન્ડરમાં સમાવેશ કરેલ ન હોય તેવી વધારાની આઈટમના ભાવો ટેન્ડર મંજુર થયેલ હોય તે એજન્સીએ રાજયમાં છેલ્લાં પાંચ વર્ષમાં અન્ય વિભાગમાં છેલ્લાં વર્ષમાં કરેલ કામના ભાવો વિચારણા હેઠળ લેવાના રહેશે.

(૧૩) ઉત્સવના કાર્યક્રમો દરમ્યાન જે વસ્તુઓની તુટ ફુટ અથવા ચોરાઈ જવાના કારણે ઘટ માલુમ પડશે તેમજ કોઈ આકસ્મિક ઘટના બનવાથી જાન–માલને નુકશાન થશે અથવા કોઈપણ સંજોગોમાં વસ્તુઓને કોઈપણ જાતનું નુકશાન થશે તો તેની સર્વે જવાબદારી ઠેકેદારની રહેશે અને થયેલ વસ્તુના નુકશાનનું કોઈપણ પ્રકારનું ચુકવણું કરવામાં આવશે નહી.

(૧૪) સરકારી ઉત્સવ રાજયની પ્રતિષ્ઠાના પ્રતિબિંબ સમાન હોઈ મંડપ, ફર્નીચર, ક્રોકરી, કટલેરી વિગેરે બધી જ આઈટમો સારી જાતની ઉચ્ચ ગુણવતાવાળી તથા નીચે સહી કરનાર અથવા મંડપ ઈન્ચાર્જ પાસે કાર્યક્રમના સ્થળ પર મંજુર કરાવ્યા પ્રમાણેની તથા સારી રીતે સફાઈ થયેલી હોવી જોઈએ. તેમાં કોઈપણ જાતની છુટછાટ આપવામાં આવશે નહીં. આ બાબત ખાસ ધ્યાને રાખવી જરૂરી છે.

(૧૫) ગાદલાં, તકીયા, ગાદી, ચાદરો વિગેરે દાગ રહિત સ્વચ્છ, ધોલાઈ કરી ઈસ્ત્રી કરેલા પુરા પાડવાના રહેશે.

(૧૬) મંડપ વિગેરે બાંધનાર એજન્સીનાઅધિકૃત માણસો, મજુરોનું વર્તન આ મંડપના અધિકૃતઅધિકારી / કાર્યપાલક ઈજનેરશ્રી, ઈન્ચાર્જ અધિકારી / કર્મચારી તથા અન્ય મહાનુભાવો સાથે સભ્યતાભર્યુ હોવું ખુબ જ આવશ્યક છે. અસભ્ય વર્તન માટે કચેરીના વડાને લેખિતમાં ફરીયાદ થશે તો ટેન્ડર અધવચ્ચેથી રદ કરીને ટેન્ડર સાથે ભરેલ ડીપોઝીટ જપ્ત કરી સરકારશ્રીમાં જમા કરાવવામાં આવશે. અને બાકીનું કામ અન્ય ઈજારદારશ્રી પાસેથી કરાવી લેવામાં આવશે. તેમજ જરૂરીયાત મુજબનું કામ આપેલ સમય મર્યાદામાં કરવામાં આવશે નહીં તો ટેન્ડર સાથે ભરેલ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૧૭) ઈજારદારશ્રીની કામગીરીની ઝડપ અપેક્ષિત નહી હોય અને સુચના આપવા છતાં કોઈ સુધારો નહીં થાય કે ખાતાને / તંત્રને સંતોષકારક જણાશે નહીં તેવા સંજોગોમાં પુરેપુરું કામ કે જરૂરીયાત પ્રમાણેનું બાકી રહેતું કામ કોઈપણ અન્ય ઈજારદારશ્રી પાસે તાત્કાલીક કરાવી શકાશે જેમાં કોઈ વાંધો લઈ શકાશે નહીં અને આવી પરિસ્થિતિમાં ઈજારદારશ્રીની ડીપોઝીટ જપ્ત કરી કરારખત રદ કરવામાં આવશે તથા આ સંજોગોમાં ઈન્ચાર્જ અધિકારીશ્રી તથા મંડપ કમિટીનો નિર્ણય આખરી ગણાશે.

(૧૮) કરાયેલ કામનું ચુકવણું સરકારશ્રીમાંથી નાણાંની પ્રાપ્તિ થયેથી કરવામાં આવશે, ચુકવણાં માટે એજન્સીની કોઈ પણ જાતની તકરાર તથા નાણાં વ્યાજ સાથે ચુકવવાની રજુઆત ધ્યાનમાં લેવામાં આવશે નહી તેમજ ચુકવણું મોડું થવા બાબતે કોઈ દાવો કરી શકશે નહી.

(૧૯) વી.વી.આઈ.પી. કાર્યક્રમોનું કામ પૂર્ણ થર્યા પછી થયેલ કામ મુજબનું બીલ કાર્યક્રમનાં લગત નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,(મા.અને મ.) પેટા વિભાગની કચેરીને દિન–૭ માં રજુ કરવાનું રહેશે. બીલમાંથી નિયમોનુસાર વેરા / સેસ વિગેરે કાપવામાં આવશે.

(૨૦) થયેલ કરારનો કોઈપણ સમયે કોઈપણ કારણ આપ્યા વગર ફેકસ, ટેલીફોન અને મેસેજથી નોટીસની જાણ કર્યાના ૩–કલાકમાં અંત લાવવાનો મંડપના અધિકૃતઅધિકારી / કાર્યપાલક ઈજનેરશ્રીનો હકક અબાધિત રહેશે. સંપૂર્ણ અથવા તો બાકીનું અંશતઃ કામ અન્ય ઈજારદારશ્રીપાસે કરાવવાનો નિર્ણય કમીટી લઈ શકશે અને તે માટે કોઈ હકક દાવો માન્ય કરવામાં આવશે નહી.

(૨૧) વી.વી.આઈ.પી. કાર્યક્રમોનાં મંડપ તથા સ્ટેજની કામગીરી માટે ફરજ પરનાં કાર્યપાલક ઈજનેર / નાયબ કાર્યપાલક ઈજનેરની સુચના મુજબ કામગીરી કરવાની રહેશે અને તેમાં કોઈ ફેરફાર કરવાનો થાય તો તેનો ફેરવણી કે તુટફુટનો ચાર્જ અલગથી આપવાનો રહેશે નહીં.

(૨૨) વી.વી.આઈ.પી. કાર્યક્રમો માટે સરકારશ્રીનાં સામાન્ય વહીવટ વિભાગનાં સ્ટાફની સુચના મુજબ સ્ટેજ ઉપર ડબલ તાડપત્રીવાળા મંડપ / ડોમ / રસોડા વિગેરેની કામગીરી કરી આપવાની રહેશે.

(૨૩) જિલ્લાકક્ષાના અધિકારીશ્રીઓ,(મા.મ.)વિભાગનાં ઉચ્ચઅધિકારીશ્રીઓ કે, મંડપના અધિકૃતઅધિકારી / કાર્યપાલક ઈજનેરશ્રી તથા મંડપ ઈન્ચાર્જશ્રીવિગેરેની સુચના મુજબ સંબંધિત કાર્યવાહી કરવાની હોઈ સંજોગોઆધિન કોઈપણ જાતની પૂર્વ લેખિત નોટીસ વગર મૌખિક કે ટેલીફોનીક મોબાઈલ દ્વારા સુચનાથી કોઈ કાર્યવાહી કરાવવાની હોઈ તે સુચના મુજબ સત્વરે / તાકીદથી કામ કરી આપવાનું રહેશે.

(૨૪) સ્થળ પરના કાર્યક્રમો માટે નિયત કરાયેલ સ્ટ્રકચર ડોમ, ટીન શેડ તેમજ મંડપ બાંધવાના રહેશે. આ સ્ટ્રકચરની મજબુતાઈ અંગે એજન્સીદ્વારા જરૂરી જણાયે સ્થળ પર ડોમના અથવા મંડપના ટેકાના પાયામાં ક્રોંકીટ કરવાનું કામ,માન્યસ્ટ્રકચરલ ડીઝાઈનર પાસે મંજુર કરાવેલ ડીઝાઈન

મુજબનું ઈજારદારશ્રીએ કરવાનું રહેશે તથા તેની સલામતીની સંપૂર્ણ જવાબદારી જે તે ઈજારદારશ્રીની રહેશે. આ અંગેનો કોઈ વધારાનો ચાર્જ ચુકવવામાં આવશે નહી. ઉપરોકત બાબતે જરૂરી વિગતો ઈજારદારશ્રીધ્વારા કરવાની રહેશે અને જરૂર પડે તેઓ માન્ય સ્ટ્રકચરલ ડીઝાઈનર પાસેથી લાવવાનું રહેશે.

(૨૫) ઈજારદારશ્રીએ વર્તમાનમાં સરકારશ્રીદ્વારા નક્કી કરેલ બધા ટેક્ષ એટલે કે જીએસટી, આવકવેરા તથા લેબર સેસ અને અન્ય લાગુ પડતા ટેક્ષ સહિત ભાવ ભરવાના રહેશે. કોઈપણ પ્રકારના ટેક્ષનું ખાતા ધ્વારા અલગથી ચુકવણું કરવામાં આવશે નહી તથા કરેલ કામના ચુકવણાંમાંથી સરકારશ્રીદ્વારાનિયત કરવામાં આવેલ એટ સોર્સ હેઠળ જે કાંઈ વેરાની કપાત કરવાની થશે તે કરવામાં આવશે.

(૨૬) હાથ ધરવાની થતી કામગીરીની આઈટમોના જથ્થામાં નીચે સહી કરનારની તથા મંડપના અધિકૃતઅધિકારી / કાર્યપાલક ઈજનેરશ્રી કે મંડપ ઈન્ચાર્જશ્રીની સુચના અનુસાર વધારો / ઘટાડો થવાની શકયતા રહેશે. જે બાબતમાં ભવિષ્યમાં કોઈજ વાંધો કે દાવો માન્ય રાખવામાં આવશે નહીં અને થનાર વધારા / ઘટાડા મુજબના જથ્થા મુજબનિયત સમયમર્યાદામાં કામગીરી કરવા ઈજારદારશ્રી બંધનકર્તા રહેશે અન્યથા જરૂરી શિક્ષાત્મક કાર્યવાહી કે નિયમોનુસાર ડિપોઝીટ જપ્ત કરી ત્રણ વર્ષ માટે કાળીયાદીમાં મુકવામાં આવશે જે અંગેની ગંભીર નોંધ લેવી.

(૨૭) વી.વી.આઈ.પી. પ્રોગ્રામને લગત વિગતો કાયદાકીય જોગવાઈ અનુસાર સંપૂર્ણ પણે ગોપનીય અને સુરક્ષીત રાખવાની રહેશે.

(૨૮) આ કામગીરી દરમ્યાનપુરા પાડવામાં આવેલ માલ–સામાનની ચોરી, પોતાના સમીયાણા, મંડપ માં કાંઈ તોડફોડ, નુકશાન કે આકસ્મીક આગ (જેવી કે શોટ સર્કીટ), કુદરતી આફત, અકસ્માતથી સરકારી / ખાનગીમિલ્કતને કોઈ પણ નુકશાન થાય તો તે અંગેની સઘળી જવાબદારી કામ કરનાર ઈજારદારશ્રીની રહેશે અને આ અંગે વિમોવિગેરે ઈજારદારશ્રીએ પોતાના ખર્ચે કરવાનો રહેશે. આ માટે કામ આપનાર ખાતાની કોઈ જવાબદારી રહેશે નહીં તથા માંગણી મુજબનું સમીયાણું તથા કરાર મુજબની તમામ વૈકલ્પિક વ્યવસ્થા ઈજારદારશ્રીએ રાખવાની રહેશે.

(૨૯) મંડપના બાંધકામ વખતે જરૂરી અગ્નીશામક સાધન સામગ્રીની વ્યવસ્થા ઈજારદારશ્રીએ કરવાની રહેશે તથા ફાયર ઓફીસરનું પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે તે માટે કોઈ અલગથી ચુકવણું કરવામાં આવશે નહીં.

(૩૦) આ કાર્યક્રમ સિવાય તેને લગતા અન્ય કાર્યક્રમો જિલ્લામાં અન્યજગ્યાએ કરવાના થશે તો ઈજારદારશ્રીએ આજ ભાવે કામગીરી કરી આપવાની રહેશે.

(૩૧) આ કામગીરી માટે ઈજારદારશ્રીએ લેબર (રેગ્યુલેશન એન્ડ એબોલીશન) એકટ, ૧૯૭૦ તથા તે હેઠળ ૧૯૭૨ ના ગુજરાત નિયમોની જોગવાઈઓ તથા કામદાર વળતર અધિનિયમ–૧૯૨૩ તથા તે હેઠળના નિયમોની જોગવાઈ અનુસાર ઠેકેદારે રોકેલ મજુરોના કાયદેસરના હિતોની રક્ષા કરવાની તેમજ પ્રસ્તુત કાયદા અને નિયમો હેઠળ કરાયેલ સુવિધા / સગવડો ઉપલબ્ધ કરાવવાનો પ્રાથમિક અને વૈદ્યાનિક જવાબદારી મજુર કામે રાખનાર જે તે ઈજારદારશ્રીની રહેશે. અને આ કામગીરી દરમ્યાન કામદારોને થતાં અકસ્માતની શારીરિક ઈજા થાય તો તે અંગેની સઘળી જવાબદારી વળતર સહિતની ઈજારદારશ્રીની રહેશે. સદર કામગીરીમાં બાળ મજુરો રાખી શકાશે નહીં.

(૩૨) આ કામ માટે ઈજારદારશ્રીએ તેમની પેઢીના નામનું જે તે સ્થળનું શોપ એસ્ટાબ્લીશમેન્ટ સર્ટીફીકેટ અથવા તો આ જાતની કામગીરી / ધંધાનું રજીસ્ટ્રેશનની અમલમાં હોય તેવું તાજેતરના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ ભાવ પત્રક સાથે સામેલ રાખવાની રહેશે.

(૩૩) ટેન્ડર ભરનાર ઈજારદારશ્રી દ્વારા ખોટી માહિતી આપવાનું કે ખોટા પ્રમાણપત્ર, દસ્તાવેજ રજુ કર્યાનું ધ્યાને આવશે તો તે ઈજારદાર જે તે કામ માટે ગેરલાયક ઠરશે અને તેની બાનાની રકમ જપ્ત કરવામાં આવશે અને તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

(૩૪) હવાલાના ઈજનેર દ્વારા સૂચવેલ તમામ કામગીરી તથા બેઠક વ્યવસ્થાવિગેરે કાર્યક્રમના **૨૪ કલાક પહેલા અથવા સરકારશ્રી રીહર્સલ** માટેનો જે દિવસ નકકી કરવામાં આવે તે દિવસે (બેમાંથી જે વહેલું હોય તે) સંપુર્ણપણે કામ પુર્ણ કરી કબજો લગત ખાતાને સોંપવાનો રહેશે. અન્યથા પ્રતિ કલાકનારૂ.૧,૦૦,૦૦૦/– દંડ વસુલાત કરવામાં આવશે. દરેક આઈટમની ગોઠવણી, સાફ–સફાઈ, જાળવણી પ્રોગ્રામ પુરો થતાં સુધી ખાતાને સંતોષકારક રીતે કરી આપવાની રહેશે. આ ભાવ સમગ્ર કાર્યક્રમ પુર્ણ થતાં સુધીના રહેશે. તથા કામગીરી સંતોષકારક હોવાનું એન્જીનીયર ઈન ચાર્જનું પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે. ફુલોના સુશોભનની કામગીરી કાર્યક્રમના શરૂ થવાના સમયના ૪.૦૦ કલાક પહેલા પુરી કરવાની રહેશે.

(૩૫) <u>તમામ ભાવો સમગ્ર કાર્યક્રમની કમ્પલીટ આઈટમો માટેનાં ગણવામાં આવશે.</u>

(૩૬) તમામ પ્રોગ્રામોમાં સક્ષમ અધિકારીશ્રીની સુચના અનુસાર બેઠક વ્યવસ્થા માટે ખુરશીઓ, સોફા વિગેરે ઠેકેદારશ્રીદ્વારા ગોઠવી આપવાનાં રહેશે તથા રોજ બરોજ પ્રોગ્રામ પૂર્ણ થવા સુધી સફાઈ કરવાની રહેશે.

(૩૭) પ્રોગ્રામને અનુરૂપ વપરાશમાં લેવાની થતી એગ્રો નેટ ફલોરીંગ તથા કારપેટનાકલરની પસંદગી કાર્યપાલક ઈજનેરશ્રી સાથે મંજુર કરાવી લેવાની રહેશે.

(૩૮) ટેન્ડર સિવાયની/સમાવિષ્ટ સુચવવામાં આવેલ કોઈપણ નવી અથવા વધારાની કામગીરી પૂર્ણકરવામાં ચુક થશે તો અધિકૃતઅધિકારીશ્રી / કાર્યપાલક ઈજનેરશ્રી સુચવે તે રકમની પેનલ્ટી બીલમાંથી કપાત કરવામાં આવશે.

(૩૯) મંડપને લગત કામગીરી માટે, ખાડા કરવા માટે બ્રેકરની જરૂરીયાત ઉભી થાય તો તેનું અલગથી ચુકવણું કરવામાં આવશે નહીં.

(૪૦) ડોમનાં પીલરમાં બેઈઝ પ્લેટ યોગ્ય રીતે કાર્યપાલક ઈજનેરશ્રીઅથવા તેમના પ્રતિનિધિશ્રીની સુચના મુજબ એન્કર કરવાની રહેશે અને જમીન પોચી લાગે અથવા જરૂરી લાગે તો સુચના તેમજ ગુણવત્તા મુજબનું ક્રોકીટ કરવાનું રહેશે. જેનું અલગથી ચુકવણું કરવામાં આવશે નહીં.

(૪૧) વપરાશમાં લેવાનું થતું કાપડ પ્લેઈન અથવા કલરફુલ વિગેરે નવું જ મંડપ ઈન્ચાર્જશ્રીની સુચના મુજબ એપ્રુવ્ડ કરાવ્યા બાદ વાપરવાનું રહેશે.

(૪૨) વી.વી.આઈ.પી. કાર્યક્રમો માટે સ્ટેજ ઉપર ડોમ કરવાનો હોય, સ્ટેજની ઉંચાઈની સાપેક્ષમાં સાઈડનાં પીલરની ઉંચાઈ રાખવાની રહેશે અને મંડપ ઈન્ચાર્જશ્રીની સુચના પ્રમાણે કામગીરી કરવાની રહેશે. ઉંચાઈ વધારવા માટે ક્રોંકીટના કોલમ કરવાની જરૂરીયાત ઉભી થાય તો તે કરી આપવાના રહેશે અને જેનું અલગથી ચુકવણું કરવામાં આવશે નહીં.

(૪૩) દરેક કાર્યક્રમના સ્થળ પરના  પાણીના નિકાલ માટે જરૂરીયાત મુજબનાં હેવી કેપેસીટીનાં સ્ટેન્ડ ટુ સકશન પમ્પો આશરે – ૫ નંગ પૂરતી લંબાઈ તથા ડાયામીટરનાં સારી જાતનાં પાઈપ / પીવીસી / ફલેકસીબલ સાથે કાર્યક્રમનાં દરેક સ્થળો પર ઈજારદારશ્રીદ્વારા ચાલુ હાલતમાં તૈયાર રાખવાનાં રહેશે. પંપનું તથા પાઈપનું ચુકવણું સમગ્ર કામમાં આવરી લેવાનું રહેશે. અલગથી ચુકવણું કરવામાં આવશે નહીં. આ કામગીરી સરકારશ્રીનાં મીકેનીકલ વિભાગનાં સંપર્કમાં રહી તેની સુચના અનુસાર તથા સુપરવીઝન હેઠળ કરવાની રહેશે.

(૪૪) સમગ્ર પ્રોગ્રામ દરમ્યાન મહાનુભાવોને પાણી, ચા, કોફી વિગેરે માટેનો સર્વિસ સ્ટાફ  સુઘળ, સ્વચ્છ પરીધાન કરેલો, સુચના મુજબ તેમજ જરૂરીયાત મુજબની સંખ્યામાં ઈજારદારશ્રીદ્વારા ગોઠવવાનો રહેશે.

(૪૫) થયેલ કામગીરીનું ચુકવણું સરકારશ્રીનાં પ્રવર્તમાન નિયમો મુજબ ઉપલબ્ધ ગ્રાંટ / ફંડ મુજબ કરવામાં આવશે.

(૪૬) રૂના ગાદલાઓ સારી કવોલીટીનાં તેમજ કોઈપણ જગ્યાએથી ફાટેલ કે મેલા ન હોવા જોઈએ. ઓછાડ સ્વચ્છ, સુઘડ તથા ધોયેલા હોવા જોઈએ. ગાદલાઓ ઈજારદારશ્રીતરફથી સ્થળ પર લઈ આવી વ્યવસ્થિતરીતે સુચના આપ્યા મુજબ પાથરી તેના પર ઓછાડ પાથરી આપવાના તથા કાર્યક્રમ પૂરો થયે ઉપાડી લેવાના રહેશે.

(૪૭) દરેક કાર્યક્રમના સ્થળ ઉપર ઈજારદારશ્રીદ્વારા એક સ્થાનિક ટેમ્પરરી ઓફીસ ખોલવાની રહેશે. જેમાં ટેલીફોન તથા રાઉન્ડ ધી કલોક ટેલીફોન ઓપરેટર ઓછામાં ઓછા ૨(બે) ની વ્યવસ્થા કરવાની રહેશે. આપવામાં આવેલ સુચનાનો અમલ બે કલાક સુધીમાં કરવાનો રહેશે.

(૪૮) વી.વી.આઈ.પી. કાર્યક્રમોનાં  સ્થળે તૈયાર કરવાના થતાં ડોમ તેમજ ટીનશેડનાં છાપરાના  પાણીનાં નિકાલ માટે જી.આઈ. શીટમાંથી બનાવેલ અથવા પી.વી.સી. ફાઈબરની હાફરાઉન્ડ ગટર તૈયાર કરી ફીટ કરી તેમાં સુચના આપવામાં આવે તે ડાયામીટરનાં હોલ કરી તેમાં એર ટાઈટ સુચના મુજબની ડાયામીટરનાં સુચના પ્રમાણેનાં અંતરે ઉભા પી.વી.સી. પાઈપ ફીટ કરી તેના નીચેના છેડે આડો સુચના મુજબનો પી.વી.સી. પાઈપ સમગ્ર શેડની લંબાઈનો દરેક ઉભા તથાઆડા પાઈપમાંનાં ટી–જોઈન્ટ સોલ્યુશનથી એરટાઈટ ચોંટાડી પાઈપોને ફીટ કરી સમીયાણાનો પાણીનો નિકાલ ઈજારદારશ્રીદ્વારા કરવાનો રહેશે. આ અંગેનું કોઈપણ જાતનું અલગ ચુકવણું કરવામાં આવશે નહીં.

(૪૯) સમારંભનું દર્શાવેલ સ્થળ સૂચિત સ્થળ છે. સંજોગોવસાત તેમાં ફેરફાર થશે તો બદલાવેલા સ્થળ પર કામગીરી કરવાની રહેશે. સૂચિતદિવસ અને સમયમાં પણ ફેરફાર થાય તો તે પ્રમાણે ઈજારદારશ્રીધ્વારા કામગીરી વિના કોઈ દાવા અથવા વાંધા કરવાની રહેશે તથા જે તે સમયસર કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કરવાની રહેશે.

(૫૦) આઈટમનાં ભાવોનું ચુકવણું સરકારશ્રીનાં પ્રવર્તમાન ધારા ધોરણ મુજબ ચુકવવામાં આવશે. માપ સાઈઝ અંગેનો (મા.અને મ.)વિભાગનામંડપ ઈન્ચાર્જશ્રીનો નિર્ણય આખરી ગણાશે. જેમાં કોઈ વાદ વિવાદને સ્થાન રહેશે નહીં.

(૫૧) વી.વી.આઈ.પી. કાર્યક્રમો માટે તૈયાર કરાયેલ સમીયાણાનો ઉપયોગ આ મુખ્ય કાર્યક્રમના આગલા–પાછલા દિવસોમાં અન્ય કોઈ ખાનગી સંસ્થા કે સોસાયટીનાં આ પ્રસંગને અનુરૂપ

કાર્યક્રમ માટે ઉપયોગમાં લેવા માટે આપવાનો અધિકાર મંડપ ઈન્ચાર્જશ્રી / મંડપના અધિકૃતઅધિકારી / કાર્યપાલક ઈજનેરશ્રીને રહેશે. આ પ્રોગ્રામ માટે મંડપ ઈન્ચાર્જશ્રી/ મંડપના અધિકૃતઅધિકારી / કાર્યપાલક ઈજનેરશ્રી સુચવે તે પ્રમાણેના ફેરફાર કરી આપવાના રહેશે. આ અંગે કોઈ અલગથી ચુકવણું કરવામાં આવશે નહીં.

(૫૨) કાર્યક્રમના સ્થળે મંડપ ઈન્ચાર્જશ્રી / મંડપના અધિકૃતઅધિકારી / કાર્યપાલક ઈજનેરશ્રીનાઅધિકારી / કર્મચારી માટેની જુદી–જુદી કેમ્પ ઓફીસો કામ શરૂ કરતા પહેલા તૈયાર કરવાની રહેશે. જેમાં સુચના મુજબ સ્થળ પર વાતાનુકુલિત સંપુર્ણ સુવિધા સાથે ટેબલ / ખુરશી / સોફા / ટીપોઈ / પેન્ટ્રી / ગ્લાસ/ ટ્રે/ કપ/ રકાબી/ પીવાના પાણીની વ્યવસ્થાવિગેરેની સુચના મુજબ ગોઠવણી કરવાની રહેશે.

(૫૩) કાર્યક્રમના ડોમ / ટીનશેડ / બેરીકેટીંગ વિગેરેનાં દરેક સ્ટીલ સ્ટ્રકચર મેમ્બરોને સુચના મુજબના ઓઈલ પેઈન્ટથી કલર કામ કરી આપવાનું રહેશે જેનું અલગથી ચુકવણું કરવામાં આવશે નહીં.

(૫૪) વિભાગદ્વારાપુરા પાડવામાં આવેલ ફલેકસ / બેનર પ્રોગ્રામ સ્થળે, ડાયસ ઉપર કે શહેરની અન્ય કોઈ જગ્યાએવિભાગનીસુચના મુજબ લગાવી આપવાના રહેશે અને પ્રોગ્રામ પૂર્ણ થયે આ બેનર વ્યવસ્થિત રીતે કાઢીને ખાતાને પરત કરવાના રહેશે.

(૫૫) કાર્યક્રમ પૂર્ણ થયેથી તુરતજ ખાતાના ઈજનેરશ્રીની હાજરીમાં થયેલ કામના માપો લેવાના રહેશે, તેમજ અરસ–પરસ સંમતિરૂપે સહી–સિકકા કરી આપવાના રહેશે, અન્યથા ખાતા તરફથી લીધેલ માપો માન્ય રાખવામાં આવશે તેમજ તે અંગે કોઈજ જાતની દાદ કે ફરીયાદ ધ્યાને લેવામાં આવશે નહીં.

(૫૬) આ કામગીરીના ટેન્ડર મંજુર / નામંજુર કરવાની સત્તા કાર્યક્રમ યોજનાર અધિકૃત સક્ષમ અધિકારી / કાર્યપાલક ઈજનેરશ્રી /કમીટીની અબાધીત રહેશે.

(૫૭) ઈજારદારશ્રીએ ઉચ્ચ ગુણવત્તા ધરાવતા સેનીટાઈઝરનો ઉપયોગ કરી તમામ મંડપ, સ્ટેજ તથા ગ્રાઉન્ડ ઉપર કાર્યક્રમ શરૂ થતાં પહેલા બિનચુક પંપ ધ્વારા છંટકાવ કરવાનો રહેશે, જેનું અલગથી ચુકવણું કરવામાં આવશે નહી.

(૫૮) ઈજારદારશ્રીએ પોતાના સ્ટાફને કામ કરતી વખતે સોશીયલ ડીસ્ટેન્સ જળવાય તેની કાળજી કરવાની રહેશે તથા આરોગ્ય / ગૃહ વિભાગના પ્રવર્તમાન નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૫૯) મંડપ, સ્ટેજ, પી.એમ. ગ્રીન રૂમ, પી.એમ.ઓ. , સી.એમ.ઓ. , વી.વી.આઇ.પી. વિગેરેની કામગીરી એસ.પી.જી. તેમજ બ્લ્યુ બુકની ગાઇડલાઇન મુજબ કરવાની રહેશે તથા એસ.પી.જી. દ્વારા સુચવેલ કામગીરી પુર્ણ કરી એસ.પી.જી.ની સહમતી મેળવી લેવાની રહેશે.જે કામગીરી કરેલ હોય અને એસ.પી.જી.ની સુચના અન્વયે સુધારા કરવાની જરૂરીયાત પડે તો તાત્કાલિક સુધારો કરવો તથા તેનુ અલગથી કોઇ પણ પ્રકારનુ ચુકવણુ કરવામાં આવશે નહી.

(૬૦) સમારોહ દરમ્યાન કે બાદમાં લાવેલ ચીજવસ્તુઓમાં ઘટ / નુકશાન પડશે અથવા કોઈપણ સંજોગોમાં વસ્તુઓને કોઈપણ જાતનું નુકશાન થશે તો તેની જવાબદારી ઈજારદારશ્રીની રહેશે અને આ બાબતનો કોઈ દાવો કરી શકાશે નહીં.

(૬૧) અધિકારીશ્રી, કર્મચારીશ્રી તથા સુપરવાઇઝરો માટે ઓછામાં ઓછા ૨૫-નંગ વોકી ટોકી આપવાના રહેશે. જેથી કાર્યક્રમ વખતે અને પછી આકસ્મિક સંજોગોમાં સંપર્ક કરી શકાય તે અંગેની જરૂરી મંજુરી

જે તે પોલીસ વિભાગ / જરૂરી સક્ષમ કક્ષાએથી આપના દ્વારા જ મેળવવાની રહેશે. જે અંગે ઈજારદારશ્રી દ્વારા કોઈપણ જાતનો ખર્ચ થાય તો તે અંગેનું અલગથી ચુકવણું કરવામાં આવશે નહિં.

(૬૨) કાર્યક્રમ સંભવિત છે.આ ભાવો સદર સંભવિતકાર્યક્રમ માટે છે જે મહત્તમ ૧ વર્ષ અથવા વિભાગ જ્યારે પણ ઈચ્છે ત્યારે ટેન્ડર બહાર પાડે તે બે માંથી જે વહેલું હોય ત્યાંસુધીમાં કોઈપણ જાતનો ભાવમાં વધારો માંગ્યા સિવાય કામગીરી કરવા બંધન રહેશે. જે અંગે ઈજારદારશ્રી દ્વારા અસમર્થતા દર્શાવશે તો શરત નં. (૩૦) મુજબ દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૬૩) ખાસ સંજોગોમાં જો કોઈપણ પ્રકારના ડોક્યુમેન્ટ મુકવાના રહી જાય તો આખરી નિર્ણય કમીટીનો રહેશે તેમજ કોઈપણ PQ ની શરતોમાં છુટછાટ આપવાની સત્તા કમીટી / કાર્યપાલક ઈજનેરશ્રીની રહેશે.

**(૬૪) જે ઠેકેદારના ટેન્ડર મંજુર કરવામાં આવશે તેની ભરેલી ડીપોઝીટ જમા રાખવામાં આવશે અને તે રકમ કામ પુર્ણ થયેથી પરત કરવામાં આવશે.બાકીના ઈસમોની ડીપોઝીટ કામ પૂર્ણ થયેથી પરત કરવામાં આવશે.**

**(૬૫) બેરીકેટીંગનું કામ પોલીસ વિભાગ તથા સલામતી અધિકારીશ્રીની સુચના અનુસાર કરવાનું રહેશે.**

**(૬૬) સ્ટેજ પર સુખડ કે અન્ય સારી ગુણવત્તાનો પરફ્યુમ સ્પ્રે નો છંટકાવ સુચના મુજબ કરવાનો રહેશે.**

**(૬૭) ઈજારદારશ્રીએ કામ માટે રાખેલ મજુરોની વ્યવસ્થા જેવી કે પાણી, ટોયલેટ, રહેવાની, જમવાની સગવડ વિગેરે તેમણે અલગથી કરવાની રહેશે. આ માટે ખાતાની કોઈ જવાબદારી રહેશે નહી.**

**(૬૮) મંડપ તથા આનુસંગિક કામગીરી યોગ્ય રીતે મજબુત હોવી જરૂરી છે આમ છતાં કોઈ અકસ્માત થશે તો સંપુર્ણ જવાબદારી ઈજારદારશ્રીની રહેશે.**

**(૬૯) ઈજારદારશ્રી દ્વારા ઉકત કામમાં જથ્થાની સાપેક્ષમાં સભા સ્થળ ખાતે વધારાની જનમેદનીને સમાવવાની જરૂરીયાત ઉપસ્થિત થશે તો તેઓએ ભરેલ ભાવો મુજબ સમય મર્યાદામાં કામ પુર્ણ કરવાનું રહેશે.**

**(૭૦) સદર ટેન્ડરના શિડયુલ–બીની આઈટમ નં.૧૩૮ નું ઈજારદારશ્રીએ ચુસ્તપણે વર્કઓર્ડર આપ્યા તારીખના ૨ દિવસ બાદથી પ્રોગ્રામ પુર્ણ થયા દિવસ સુધી પાલન કરવાનું રહેશે. જો તેમ કરવામાં નિષ્ફળ જશે તો દંડ પેટે પ્રતિ દિન રૂા.૫૦૦૦૦/– ના દંડનીય કાર્યવાહી સ્વરૂપે આખરી બીલમાંથી કપાત કરવાની થશે. તેમજ ફોર્મ–૩એ માં સદર બાબતનો ઉલ્લેખ કરવામાં આવશે.**

**(૭૧) સદર ટેન્ડરના શિડયુલ–બીની આઈટમ નં.૧૩૯ નું ઈજારદારશ્રીએ ચુસ્તપણે વર્કઓર્ડર આપ્યાના ૧ દિન બાદથી કામગીરી પુર્ણ થાય ત્યાં સુધી પાલન કરવાનું રહેશે. જો તેમ કરવામાં નિષ્ફળ જશે તો દંડ પેટે રૂા.૨૦૦૦૦/– ની વસુલાત કરવામાં આવશે.**

(૭૨) સદર કાર્યક્રમ દરમ્યાન જરૂરીયાત મુજબ જથ્થામાં વધારો થાય કે વધારાની કામગીરી કરવાની થાય તે બાબતે ઈજારદારશ્રીને તૈયારી રાખવાની રહેશે. જથ્થાના વધારો થતાં વધારાની કામગીરી આપેલ નિયત સમયમર્યાદામાં જ પુર્ણ કરવાની રહેશે. અન્યથા જરૂરી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

(૭૩) સદર ટેન્ડરના ભાવો જી.એસ.ટી. તથા તમામ ટેક્ષ સાથેના છે. જેથી વધારાના કોઈપણ ટેક્ષનું ચુકવણું કરવામાં આવશેનહિં.

(૭૪) **કોઈપણ વિવાદનું ન્યાયક્ષેત્ર ભુજ– કચ્છના ન્યાયાલય રહેશે.**

(૭૫) **હરિફાઇ યુકતભાવો ન મળવાના કિસ્સામાં / સીંગલ ટેન્ડરના કિસ્સામાં,કામની અગત્યતા તેમજ અગ્રિમતાને ધ્યાને લઈટેન્ડર મંજુરી અંગે સરકારશ્રી / કમિટિ દ્વારા લેવામાં આવેલ નિર્ણય આખરી ગણાશે.**

(૭૬) **સદર કામગીરીના તમામ ભાવો આકસ્મિક હવામાનના ફેરફારને ધ્યાને લઈ ભરવાના રહેશે. આવા સંજોગોમાં કામગીરીમાં વિક્ષેપ ઉભો ન થાય તેની સઘળી જવાબદારી ઈજારદારશ્રીની રહેશે જે અંગે કોઈ દલીલ કે વાંધો ગ્રાહય રાખવામાં આવશે નહી.**

(૭૭) **ઈજારદારશ્રીએ જીઈબી કનેકશન, ડોમ તેમજ ઈલેકટ્રીકની પરવાનગી અંગેની સઘળી કામગીરીઓ નિયત સમયમાં પુર્ણ કરાવવાની રહેશે. જીઈબીની ડીપોઝીટ પેટે તથા ઈલેકટ્રીક બીલ ઈજારદારશ્રીએ ચુકવવાનું રહેશે.**

**(૭૮)** આ પ્રકારની તાકીદે કરવાની થતી કામગીરી ક્યારે કરવાની થશે તે બાબત નિશ્ર્વિત નથીતે ધ્યાને . લેતાં આ ટેન્ડર ભરનાર પાત્રતા ધરાવતા અન્ય ક્રમના ઈજારદારોએ એલ–૧ ક્રમના ઈજારદારના ભાવે સંમત થાય તેવા આ કામ માટે માન્ય ટેન્ડર ભરેલ હોય તેવા સક્ષમ ઈજારદારોની યાદી એમ્પેનલ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી સક્ષમ રહેશે.

(૭૯) જયારે એલ–૧ ક્રમના ઈજારદારને વર્ક ઓર્ડર આપવામાં આવે અને ઈજારદાર પોતાની પાસેનાા અન્ય કામના ભારણને ધ્યાને લઈ આ ટેન્ડર અંતર્ગત સમય મર્યાદામાં કામગીરી કરી શકે તેમ ન હોય તો કાર્યપાલક ઈજનેરશ્રીને એમ્પેનલ થયેલ ઈજારદાર પૈકી જે ઈજારદાર સમય મર્યાદામાંા કામ પુર્ણ કરવા સક્ષમ જણાય તેવા અન્ય ક્રમના એમ્પેનલ ઈજારદારને એલ–૧ ક્રમના ઈજારદારના ટેન્ડરના ભાવે કામ આપવા બાબતે કાર્યપાલક ઈજનેરશ્રીની સત્તા રહેશે.

(૮૦) **સદર ટેન્ડર પ્રક્રિયા દરમ્યાન ટેન્ડર પ્રક્રિયામાં પાત્રતા ધરાવતી એજન્સી ધ્વારા પ્રિ–કવોલીફીકેશન બીડ પહેલાં સુચિત કાર્યક્રમના વર્ક પ્લાનીંગ સહિતના પ્રેઝન્ટેશન તૈયાર રાખવા તેમજ પ્રિ–કવોલીફીકેશન બીડ ખોલ્યા બાદ ટુંકે મુદ્રતે એજ દિવસે (૨ કલાકમાં) / અત્રેની ટેન્ડર કમીટી ધ્વારા સુચવેલ તારીખ અને સમયે) ઈજારદારશ્રી ધ્વારા પ્રેઝન્ટેશન ટેન્ડર કમીટી સમક્ષ રજુ કરવાના રહેશે તેમજ ઈજારદાર ધ્વારા રજુ કરેલ પ્રેઝન્ટેશન ટેન્ડર કમીટી ધ્વારા ગ્રાહય રાખવામાં નહી આવે તો સદર એજન્સીના ફાઈનાન્સીયલ બીડ ખોલવામાં આવશે નહી. જેના સામે ઈજારદારના કોઈ વાંધા ગ્રાહય ગણાશે નહી.**

**આ સાથે જોડેલ શરતો નં. <u>૧ થી ૮૦</u> મે / અમોએ બરાબર વાંચી અને સમજી છે અને અમોને આ શરતો મંજુર છે.**

**ઈજારદારની સહી**

**કાર્યપાલક ઈજનેર**
**માર્ગ અને મકાન વિભાગ,**
**ભુજ– કચ્છ**